જન્મદિને વધામણી

અશ્વિનકુમાર માણેકલાલ વ્યાસ
ફોન : ૨૩૨૨૬૦૯૮

મીનાક્ષી જયસિંઘાની
પ્રમુખ, લાયોનેસ ક્લબ

તુષારકુમાર મુળજીભાઈ
મો. ૯૮૨૪૧ ૬૪૦૦૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ માટેની પ્રથમ યાદી જાહેર કરાઈ

રાજ્યના ૮૦૧૯૯ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો

જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવાયો છે તેમણે હવે ૨૬ મે સુધીમાં જે તે સ્કૂલ પર જઈને ડોક્યુમેન્ટ જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે

ગાંધીનગર, તા.૨૦

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની પ્રથમ પ્રવેશ યાદી શુક્રવારના રોજ જાહેર કરાઈ હતી. પ્રથમ પ્રવેશ યાદીમાં રાજ્યના ૮૦૧૯૯ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવાયો છે તેમણે હવે ૨૬ મે સુધીમાં જે તે સ્કૂલ પર જઈને ડોક્યુમેન્ટ જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. હવે ૨ જૂનના રોજ બીજી પ્રવેશ યાદી જાહેર કરાશે, જેમાં અંદાજે ૨૫ હજાર વિદ્યાર્થીઓને સમાવી લેવાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પ્રવેશ યાદીને લઈને વાંધા હોય તો વાલીઓ રિસીવિંગ સેન્ટર પર વાંધા રજૂ કરી શકશે.

RTE એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટે ૧૯ એપ્રિલથી ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં ૮ મે સુધીમાં સમગ્ર રાજ્યમાંથી ૧.૮૭ લાખ વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરાયા હતા. જે પૈકી ૧.૪૨ લાખ વિદ્યાર્થીઓના ફોર્મ કન્ફર્મ થયા હતા. કન્ફર્મ થયેલા ફોર્મ પૈકી ૧.૨૮ લાખ ફોર્મ રિસીવિંગ સેન્ટર પર જમા થયા હતા. ત્યારબાદ ડીઈઓ અને ડીપીઈઓ દ્વારા આ ફોર્મને મંજૂરી આપવાની કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં સમગ્ર રાજ્યમાંથી અંદાજે સવા લાખ ફોર્મ મંજૂર કરવામાં આવ્યા હતા.

ડીઈઓ-ડીપીઈઓ દ્વારા મંજૂરીની કાર્યવાહી પૂર્ણ કરતા શુક્રવારે RTEમાં પ્રવેશ માટેની પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં રાજ્યના ૮૦૧૯૯ વિદ્યાર્થીઓની પ્રવેશ યાદી જાહેર કરાઈ છે. પ્રાથમિક વિભાગ દ્વારા રાજ્યની સ્કૂલોમાં અંદાજે ૧.૦૫ લાખ જેટલી બેઠકો પર RTE અંતર્ગત ધોરણ-૧માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું આયોજન કર્યુ છે. જેમાં પ્રથમ પ્રવેશ યાદીમાં ૮૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યા બાદ હવે ૨ જૂનના રોજ જાહેર થનારી બીજી પ્રવેશ યાદીમાં ૨૪૮૦૧ જેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે.

પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરેલા આંકડા પ્રમાણે રાજ્યમાં આવેલી ખાનગી સ્કૂલોમાં ધોરણ-૧ની કુલ ૪.૩૮ લાખ જેટલી બેઠકો છે. જેના ૨૫ ટકા પ્રમાણે RTE અંતર્ગત બેઠકો અનામત રાખવામાં આવે તો ૧.૧૦ લાખ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો થાય છે. જોકે, આ વખતે ૧.૦૫ લાખ જેટલા વિદ્યાર્થીઓને RTE અંતર્ગત પ્રવેશ મળશે. જ્યારે ૨૦ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહે તેવ શક્યતા છે. કેમકે, ડીઈઓ એપ્રુવ થયા હોય તેવા સવા લાખ વિદ્યાર્થીઓ છે અને તે પૈકી ૧.૦૫ લાખને પ્રવેશ મળે તો બાકીના વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહેશે.

જીટીયુ સંલગ્ન કૉલેજોનું ઈન્સ્પેક્શન પૂર્ણ

૧૦થી વધુ કૉલેજો નો ઍડમિશન ઝોનમાં મૂકાશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન ૪૦૦થી વધારે કોલેજોનું ઈન્સ્પેક્શન તાજેતરમાં હાથ ધરવામાં આવ્યુ હતુ. જુદી જુદી ટીમો બનાવીને હાથ ધરાયેલા ઈન્સ્પેક્શનના અહેવાલો તૈયાર કરી દેવાયા છે. આગામી સપ્તાહમાં આ અહેવાલના આધારે કોલેજોમાં કેટલી ખામી છે તેની વિગતો જાહેર કરાશે. જરૂરિયાત કરતાં ઓછી સુવિધાઓ અને ઓછા અધ્યાપકો ધરાવતી કોલેજોને 'નો એડમિશન ઝોન'માં મૂકવાની જાહેરાત કરવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા અંદાજે ૧૦થી વધુ કોલેજોને 'નો એડમિશન ઝોન'માં મૂકવામાં આવશે.

ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગ, ફાર્મસી સહિતની કોલેજોમાં દર વર્ષે નિયમ પ્રમાણે ઈન્સ્પેક્શન કરવામાં આવે છે. દરેક કોલેજોને ઈન્સ્પેક્શન પહેલા તમામ વિગતો ઓનલાઈન ભરવાની સૂચના આપવામાં આવે છે. સૂત્રો કહે છે, અત્યાર સુધી અનેક કોલેજો ખોટી વિગતો દર્શાવતી હતી. ઓનલાઈન સબમિશન માટે જે ફોર્મ હતું તે જનરલ હોવાના કારણે સ્થળ તપાસમાં કોલેજ સંચાલકો 'અમને ખબર ન હતી' તેમ કહીને છટકી જતાં હતા. પરંતુ આ વખતે ખાસ વિગતો માટે અલગથી ફોર્મ ભરવાની સૂચના આપવામાં આવી હતી. કોલેજોએ ઓનલાઈન ભરેલી વિગતોના આધારે તાજેતરમાં ડીન સહિતની ટીમો દ્વારા દરેક કોલેજોની જાત તપાસ કરવામાં આવી હતી. સૂત્રો કહે છે ખાસ કરીને માળખાકીય સુવિધાઓ અને ફેકલ્ટી કેટલી છે તેની તપાસ કરવામાં આવી હતી. ઘણી કોલેજોએ ઓનલાઈન ૧૫ ફેકલ્ટી દર્શાવી હતી પરંતુ સ્થળ તપાસમાં માત્ર ૮ કે ૯ ફેકલ્ટી હોવાનું બહાર આવ્યું હતું. તપાસ માટે ગયેલી ટીમો દ્વારા પોતાનો અહેવાલ યુનિવર્સિટીમાં સુપરત કરાવી દીધો છે.

આ અંગે કુલપતિ નવીનચંદ્ર શેઠ કહે છે હાલમાં દરેક કોલેજોની ટીમનો અહેવાલ મ?ળી ગયો છે. આગામી દિવસોમાં દરેક ફેકલ્ટીના ડીન સાથે બેઠક કરવામાં આવશે જેમાં દરેક કોલેજનો અહેવાલ રજૂ કરાશે. જે કોલેજમાં ખામીઓ બહાર આવશે તેની સામે પગલાં લેવામાં આવશે. સામાન્ય ખામી હોય તો તેમને શરતી જોડાણ અપાશે. પરંતુ મોટા પાયે ગેરરીતિઓ ધરાવતી કોલેજોને 'નો એડમિશન ઝોન'માં મૂકવાની જાહેરાત કરાશે. પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા કેટલી કોલેજોને 'નો એડમિશન ઝોન'માં મૂકી છે તેની વિગતો પ્રવેશ સમિતિને આપી દેવામાં આવશે. સૂત્રો કહે છે અંદાજે ૧૦થી વધુ કોલેજોને 'નો એડમિશન ઝોન'માં મૂકાશે.

કેળવણીનું પ્રદાન બહુ મોટું પ્રદાન છે જેમાંથી જીવનની સમગ્રતા ઉપસે છે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે શિક્ષણ વિષયક નવી વ્યાખ્યાનમાળાનો પ્રારંભ કર્યો છે. આ વ્યાખ્યાન શ્રેણી જાણીતા શિક્ષણવિદ્ નંદુભાઈ શુક્લની સ્મૃતિમાં યોજાઈ હતી. આ પ્રસંગે શિક્ષણવિદ મનસુખ સલ્લાએ ગાંધીજી વિશે અને તેમના કેળવણીના વિચારોની પ્રસ્તુતતા કરી ભારતીય સમાજના પાયામાં શિક્ષણ વિશેના જે જવાબો ગાંધીજીએ આપ્યાં છે, તે વાત કરી. તેમાં પરિશ્રમનું ગૌરવ, સમૂહ જીવન, સમાજ અને પ્રકૃતિની કાળજી લેવી, જીવનને સમગ્રપણે જોવું એ એમની ખૂબી હતી અને એમના વિચારનો આધાર હતો. કેળવણીનું પ્રદાન એ બહું મોટું પ્રદાન છે. જેમાંથી જીવનની સમગ્રતા ઉપસે છે.

કેન્સરના ફિઝિશિયન ડૉ. શિલીન શુક્લએ કહ્યું કે નંદુભાઈ શિક્ષણને બદલે કેળવણી શબ્દ વધારે વાપરતાં. કેળવણી શબ્દમાં ત્રણ પાસાં સમાવિષ્ટ છે. એક છે સંસ્કાર, બીજું વિદ્યાપ્રાપ્તિ અને ત્રીજું અનુશાસન (શિસ્ત). આપણે ત્યાં વિદ્યા કે લક્ષ્મી પ્રાપ્ત કરતાં પહેલાં સંસ્કાર પ્રાપ્ત કરવા જરૂરી ગણાયા છે. આપણે કહીએ છીએ કે સંસ્કારથી એક પ્રાણીનો બીજો જન્મ થાય છે અને તે માનવ બને છે. સંસ્કાર ટેવ પાડે છે, વર્તન ઘડે છે અને આમ ચારિત્ર્યનું સર્જન કરે છે. કુમારપાળ દેસાઈએ કહ્યું કે, શિક્ષકોએ સ્થાપેલી, શિક્ષકો દ્વારા ચાલતી અને શિક્ષણ વિશેનું કામ કરતી સંસ્થા એટલે વિશ્વકોશ. શિક્ષણ વિશેની આ શ્રેણી શિક્ષણ અંગેના ચિંતન માટેની આપણી જરૂરિયાત સંતોષાશે.

જેઈઈ-એડવાન્સ પરીક્ષા યોજાઈ

રાજ્યમાં બે લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

ગાંધીનગર, તા.૨૦

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે અગાઉ લેવાયેલી જેઈઈ-મેઈનનું પરિણામ જાહેર કર્યા બાદ તેમાં શ્રેષ્ઠ દેખાવ કરનારા ૨.૩૧ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાઈ થયા હતા. જે પૈકી ૧.૬૪ લાખ વિદ્યાર્થીઓએ આજે યોજાયેલી જેઈઈ-એડવાન્સ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. એટલે કે પહેલી વખત જેઈઈ-એડવાન્સ માટે લાયક થયેલા ઉમેદવારો પૈકી ૬૫ હજાર વિદ્યાર્થીઓએ એક યા બીજા કારણોસર એડવાન્સ આપવામાં રસ દાખવ્યો નથી. ગુજરાતમાંથી અંદાજે ૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ જેઈઈ-એડવાન્સમાં ઉપસ્થિત રહ્યા હોવાની શક્યતા છે. આ વખતે આઈઆઈટી કાનપુર દ્વારા IITની ૧૭ હજાર બેઠકો માટે પ્રથમવાર ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરાયું છે. જેનું પરિણામ આગામી તા.૧૦મીએ જાહેર કરાશે. તમામ રાજ્યોની ડિગ્રી ઈજનેરી કોલેજો અને નામાંકિત ટેકનિકલ કોલેજમાં પ્રવેશ માટે જેઈઈ-મેઈન લેવાય છે. આ પરીક્ષામાં સારો દેખાવ કરનારા વિદ્યાર્થીઓને જેઈઈ-એડવાન્સ આપવાની તક મળે છે. અગાઉ માત્ર સવા લાખ વિદ્યાર્થીઓને આ તક મળતી હતી. પરંતુ ચાલુ વર્ષે ૨.૩૧ લાખ વિદ્યાર્થીઓને જેઈઈ-એડવાન્સ આપવાની તક મળી છે. સામાન્ય રીતે એડવાન્સ માટે લાયક બનેલા ઉમેદવારો આ તક જતી કરતાં નથી. પરંતુ આ વખતે માત્ર ૧.૬૪ લાખ વિદ્યાર્થીઓએ જ એડવાન્સ આપવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેઈઈ મેઈનના આધારે ડિગ્રી એન્જિનિયરિંગ ઉપરાંત નામાંકિત અસંખ્ય કોલેજોમાં પ્રવેશ ફાળવાય છે. જ્યારે જેઈઈ-એડવાન્સ માત્ર IIT માટે લેવાય છે. જે વિદ્યાર્થીઓને IITમાં જવું હોય તેઓ જ એડવાન્સ આપતાં હોય છે. આ કારણે જ જેઈઈ-એડવાન્સ માટે લાયક બનેલા પૈકી અંદાજે ૬૫ હજાર વિદ્યાર્થીઓએ એડવાન્સ આપવામાં કોઈ રસ દાખવ્યો નથી. રવિવારે લેવાયેલી એડવાન્સની પરીક્ષા બાદ તા.૨૨મીથી ૨૫મી મે સુધીમાં OMR શીટ જાહેર કરાશે. જેના રેકિંગના આધારે વિદ્યાર્થીઓને દેશની આઈઆઈટીમાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે.

ધોરણ-૧૦નું પરિણામ વધારવા

ગણિતમાં નાપાસ વિદ્યાર્થીઓને ૮-૧૦ માર્ક સુધી ગ્રેસિંગ અપાશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ મે મહિનાના અંતથી લઈ જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં જાહેર થવાની શક્યતા છે. પરંતુ ધોરણ-૧૦ના આગામી સપ્તાહે જાહેર થનારા પરિણામ પહેલાં ગણિત વિષયનું પરિણામ નબળું હોવાની વિગતો મળી રહ્યા છે. જેમાં ગણિતના વિષયમાં ઘણી મોટી સંખ્યામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ કરવા સાથે સમગ્ર પરિણામ ૬૦ ટકા સુધી લઈ જવા માટે ૮થી ૧૦ માર્ક્સ સુધી ગ્રેસિંગ આપવા નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગયા માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધોરણ-૧૦ ચાલુ વર્ષે ગણિત વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા મોટી હોવાનું જાણવા મળ્યું છે. ગણિતનું પેપર પ્રમાણમાં ઘણું જ અઘરું લાગવા સાથે ગણિતના પેપર તપાસતા ગણિતના વિષયમાં વિદ્યાર્થીઓ સારા માર્ક્સ મેળવી શક્ય નહીં હોવાનું પણ જાણવા મળ્યું હતું. આથી ગણિતમાં ૨૩ કે તેનાથી વધારે માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓને પાસિંગ માર્કસ અપાવવા માટે ૧-૨ માર્કસથી લઈ ૮-૧૨ માર્કસનું ગ્રેસિંગ આપી પાસ કરવા ગંભીર વિચારણા કરવામાં આવી છે. જેમાં ગણિત વિષયનું પરિણામ ૬૦-૬૫ ટકા સુધી પહોંચાડવા માટે સરેરાશ ૧૦-૧૨ માર્ક્સનું ગ્રેસિંગ અપાશે તેવું શિક્ષણ વિભાગના સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

સૂત્રો એવી પણ શક્યતા વ્યક્ત કરી રહ્યા છે કે બોર્ડ દ્વારા ધોરણ-૧૦ પરીક્ષાનું પરિણામ ૨૪ મેના જ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. વિદ્યાર્થીઓ www.gseb.org વેબસાઈટ પર આ પરિણામ જોઈ શકશે.

ધોરણ-૧૨નું ચાલુ મહિનાના ત્રીજા સપ્તાહ એટલે કે તારીખ ૩૦ મે સુધીમાં જાહેર થાય તેવી શક્યતા છે. મળતી માહિતી પ્રમાણે ૧.૨૦ કરોડ ઉત્તરવહીઓની ચકાસણીનું કામ પૂર્ણ થઈ ગયું છે. હવે પરિણામ બનાવવાની કામગીરી ચાલુ છે. વિદ્યાર્થીઓ www.gseb.org વેબસાઈટ પર આ પરિણામ જોઈ શકશે.

૧૨ માર્ચ, ૨૦૧૮ના દિવસે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ હતી. ૧૭ લાખ ૧૪ હજાર ૯૭૯ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી, જેમાં ધો. ૧૦ના ૧૧ લાખ ૩ હજાર ૬૭૪ વિદ્યાર્થી અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૪,૭૬,૬૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

ગુજરાત રાજ્યના ૧૫૪૮ કેન્દ્ર પર ૧૭,૧૪,૯૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી, જેમાં અમદાવાદ શહેરમાં કુલ ૧,૧૪,૮૮૦ વિદ્યાર્થીઓ, અમદાવાદ જિલ્લામાં ધોરણ ૧૦ના ૬૯,૩૯૦ વિદ્યાર્થીઓ. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૨,૯૭૦ વિદ્યાર્થીઓ, ધોરણ-૧૦માં ૭ ઝોન અને ૩૭ કેન્દ્ર તથા ૨૩૯ પરીક્ષા સ્થળો, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૫ ઝોન, ૩૧ કેન્દ્ર અને ૧૧૭ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા લેવાઈ હતી.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાયો

૧૭ નવી મેડિકલ કોલેજોને મંજૂરી એમબીબીએસની ૨૩૩૦ સીટ વધી જશે

ગાંધીનગર, તા.૨૦

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ૧૭ નવી મેડિકલ કોલેજોને મંજૂરીની મહોર લગાવી દીધી છે. સાથોસાથ સાત કોલેજોમાં એમબીબીએસની સીટ વધારવાને પણ મંજૂરી આપી છે. મંત્રાલયે એમસીઆઈની ભલામણના આધારે આ પગલું ઉઠાવ્યું છે. તેનાથી આ વર્ષે એમબીબીએસની ૨૩૩૦ સીટ વધશે. ટૂંક સમયમાં આ અંગેનો આદેશ જારી દેવાશે. જે ૧૭ નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી ચે તેમાં ૧૩ સરકારી અને ચાર ખાનગી ક્ષેત્રની છે. સરકારી મેડિકલ કોલેજોમાં કુલ ૧૩૫૦ સીટ મંજૂર થઈ છે. જ્યારે ખાનગી કોલેજોમાં કુલ ૬૦૦ સીટ હશે. ખાનગી કોલેજોમાં એક એમએસવાઈ મેડિકલ કોલેજ મેરઠનો પણ સમાવેશ થાય છે.

મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર નવી કોલેજોની મંજૂરી પ્રક્રિયા ૩૧ મે સુધી યથાવત રહેશે. આ માટે વધુ કોલેજોને પણ મંજૂરી મળવાની સંભાવના છે જેથી સીટ પણ વધી શકે છે.

૨૦૧૬-૧૭માં ૧ લાખ ૬૪ હજારથી વધુ લોકોએ સોલાર ક્ષેત્રમાં નોકરી મેળવી

ગાંધીનગર, તા. ૨૦

કેન્દ્ર સરકાર તરફથી સોલર પાવર માટેનો ટાર્ગેટ પાંચ ગણો વધારી દેવામાં આવ્યો છે. જેની સીધી અસર જોવા મળી રહી છે. આ ક્ષેત્રે રોજગારીમાં પણ નોંધનીય વધારો થઈ રહ્યો છે. બુધવારે જાહેર થયેલા આંતરરાષ્ટ્રીય રિન્યએબલ એનર્જી એજન્સીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૧ લાખ ૬૪ હજારથી વધુ લોકોએ સોલર ક્ષેત્રમાં નોકરી મેળવી છે. તેમજ આ ક્ષેત્રમાં આગામી સમયમાં વધારો પણ થઈ શકે છે.

જો તમે પણ આ ક્ષેત્રમાં કેરિઅર બનાવવા માંગો છો તો હાલ સુવર્ણ તક ગણી શકાય. જેના માટે સરકાર તમને સોલર

પાવર અંગેની તાલીમ પણ આપી રહી છે. અમે તમને બતાવીશું કે કેવી રીતે તમે ટ્રેનિંગ મેળવીને સોલર પાવર ક્ષેત્રમાં તમારું કેરિઅર શરૂ કરી શકો છો.

સ્કિલ ડેવલોપમેન્ટ મંત્રાલય અને મિનિસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝેઝ દ્વારા સ્કિલ ડેવલોપમેન્ટ અંગેની જરૂરી તાલીમ આપવામાં આવતી રહેતી હોય છે. જેમાં સોલર પાવર પર ખાસ ટ્રેનિંગ આપવામાં આવે છે.

સ્કિલ ડેવલોપમેન્ટ મંત્રાલયના નેશનલ ઈન્સટીટ્યૂટ ફોર એન્ટરપ્રેન્યોરશિપ એન્ડ સ્મોલ બિઝનેશ ડેવલોપમેન્ટ (Niesbud) દ્વારા બે દિવસની તાલીમ આપવામાં આવી રહી છે. જે ૨૬ અને ૨૭ના રોજ આપવામાં આવશે. જ્યારે મિનિસ્ટ્રી ઓફ સ્જીસ્ઈના સ્જીસ્ઈ ટેક્નોલોજી સેન્ટર દ્વારા બે દિવસની ટ્રેનિંગ હાલમાં આપવામાં આવી રહી છે.

ટ્રેનિંગ દરમિયાન તમને સોલર સિસ્ટમના ઈન્સટોલેશન અને ડિઝાઈન, ટેક્નોલોજી અને તેના ઉપકરણો તેમજ સાઈટ એનાલિસિસ, લોડ કનેક્શન, સરકારી સહાયતા અને સરકારની વિવિધ પોલિસી અંગે માહિતી આપવામાં આવશે. તેમજ ટ્રેનિંગ દરમિયાન પ્રેક્ટિકલ નોલેજ પણ આપવામાં આવશે. જેના માટે તમારે આ niesbud.nic.in/training.htm વેબસાઈટ પર જવાનું રહેશે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ ટાઈપ-૨એ માર્ગદર્શિકા જારી કરી

૩૦ વર્ષથી વધુની ઉંમર પછી પોતાનું સુગર લેવલ સમયાંતરે ચેક કરાવવું જોઈએ

ગાંધીનગર, તા.૨૦

ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ ટાઈપ-૨ ડાયાબીટીઝના શ્રેષ્ઠ મેનેજમેન્ટ માટે માર્ગદશિર્કા જારી કરી છે. મંજૂરી મળ્યા બાદ આ માર્ગદશિર્કા ડોક્ટરો માટે એક રૂલ બુક તરીકે કામ કરશે. કાઉન્સીલે દેશમાં ડાયાબીટીઝના દર્દીઓની વધી રહેલી સંખ્યા અને ઓછી ઉંમરના લોકોનું પણ તેની ઝપટમાં આવી જવાને કારણે આ ડ્રાફટ જારી કર્યો છે. માર્ગદર્શિકા અનુસાર દેશમાં ૩૦ વર્ષથી વધુની ઉંમરના દરેક શખસે પોતાનું સુગર લેવલ સમયાંતરે ચેક કરાવવું જોઈએ. સાથોસાથ ડોક્ટર ડાયાબીટીઝના દર્દીઓને જમવબ ડાયટ લેવા અંગે પણ જણાવે. એવું પણ જણાવે છે કે આવા પેશન્ટ પોતાની આંખ, લિવર, કિડની સહિતને કેવી રીતે સુરક્ષિત રાખે અને બ્લડ પ્રેશર કેવી રીતે જાળવે. સાથોસાથ તેઓ આલ્કોહોલ અને તમાકુનું સેવન ન કરે. ઈન્ટરનેશનલ ડાયાબીટીસ ફેડરેશનના જણાવ્યા મુજબ ડાયાબીટીઝના મામલામાં ભારત દુનિયામાં બીજા નંબરે છે. દેશમાં ડાયાબીટીઝના દર્દીઓની સંખ્યા ૭.૩૦ કરોડ છે. ભારતમાં ઓછી ઉંમરમાં જ ડાયાબીટીઝના દદર્ઓમાં ઝડપી વધારાને ધ્યાનમાં રાખી માર્ગદશિર્કામાં સૌથી વધુ જોર આ વાત ઉપર જ આપવામાં આવ્યું છે કે જો કોઈ પરિવારમાં લોકો મેદસ્વીતા સામે ઝઝૂમી રહ્યા છે તો એ પરિવારોના બાળકોમાં તેની તપાસ નાની ઉંમરમાં જ શરૂ કરી દેવી જોઈએ.

ફેસબુક દ્વારા લોન્ચ કરાયાં નવાં ત્રણ ફિચર્સ સ્ટોરીઝને આર્કાઈવ કરવાનો ઓપ્શન મળશે

ગાંધીનગર, તા.૨૦

ફેસબુકે ભારતીય બજારમાં ત્રણ નવા ફિચર્સ લૉન્ચ કર્યા છે. તેમાં વિશેષરૂપે વૉઈસ પોસ્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવા ફિચર તરીકે યુઝર્સને સ્ટોરીઝને સેવ કરવા અને અગાઉની સ્ચોરીઝને આર્કાઈવ કરવાનું ઓપ્શન પણ મળશે. આ નવા ફિચર્સ સ્ટોરીઝ ફિચર માટે લૉન્ચ કરવામાં આવ્યા છે.

ભારતીયો વચ્ચે લિમિટેડ ફોન સ્ટોરેજની સમસ્યાને ધ્યાનમાં લેતા ફેસબુકે એક ફિચર લૉન્ચ કર્યુ છે. જેમાં યુઝર્સ પછીથી જોવા માટે ફોટોઝ અને વિડિયો સેવ કરી શકે છે. હવે યુઝર્સ ફેસબુકના કેમેરાથી ક્લિક અથવા રેકોર્ડ કરવામાં આવેલા ફોટોઝ અને વિડિયોઝને ફેસબુકમાં જ સેલ કરી શકશે. તેને જોવા માટે યુઝર્સે ફેસબુક એકાઉન્ટમાં લૉગઈન કરવુ પડશે. સાથે જ હવે ફેસબુકમાં પછીથી શેર કરવા માટે પણ ફોટોઝ સેવ કરી શકાશે. એટલે કે હવે યુઝર્સે ફોટો ક્લિક કરીને એડિટ કરીને પોસ્ટ કરવાની જરૂર નહી પડે. જો વૉઈસ પોસ્ટની વાત કરીએ તો તેનાથી યુઝર્સ હવે પોતાની સ્ટોરીમાં ઑડિયો મેસેજ એડ કરી શકશે. વૉઈસ પોસ્ટ ફેસબુક કેમેરા માટે એક નવુ ઓપ્શન હશે. યુઝર્સ આવા પોસ્ટમાં બેકગ્રાઉન્ડ પિક્ચર અથવા ટેક્સ્ટ પણ એડ કરી શકશે. ફેસબુક હવે જૂની સ્ટોરીઝનું આર્કાઈવ તૈયાર કરશે. ફેસબુકે માહિતી આપી છે કે તે યુઝર માટે પ્રાઈવેટ રહેશે અને ૨૪ કલાક પછી ગાયબ નહી થાય. તમે ઈચ્છો તો આ પોસ્ટને ફરીથી શેર પણ કરી શકો છો. ફેસબુક આ ફિચરને બંધ કરવાનું ઓપ્શન પણ આપશે.

વિશ્વની ટોપ-૨૦૦ યુનિવર્સિટીઝમાં ભારતની માત્ર બે યુનિવર્સિટી

ગાંધીનગર, તા. ૨૦

વિશ્વની ટોપ-૨૦૦ યુનિવર્સિટીઓમાંથી ભારતની માત્ર બે યુનિવર્સિટીઓને જ સ્થાન મળ્યું છે. દિલ્હી યુનિવર્સિટી અને આઈઆઈટીનો તેમાં સમાવેશ થયો છે. આ સમગ્ર મુદ્દે એસોચેમ અને યસ ઈન્સ્ટિટ્યુટ દ્વારા એક સરવે હાથ ધરાયો હતો અને તેમાં એવા તારણ રજૂ કરવામાં આવ્યા હતા કે,'ઉચ્ચ અભ્યાસ માટે શ્રેષ્ઠ યુનિવર્સિટીની શોધમાં ભારતના તેજસ્વી યુવાનો વિદેશની બેસ્ટ યુનિવર્સિટીમાં જતાં રહે છે. વર્ષે લગભગ છ લાખ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે જાય છે અને તેઓ વિદેશમાં ૨૦ બીલીયન ડોલર્સનું ખર્ચ કરે છે.' એસોચેમ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે,'ગુણવત્તાયુક્ત શિક્ષણની દ્રષ્ટિએ ટોપ-૨૦૦ યુનિવર્સિટીઓ પૈકી ભારતની માત્ર બે છે. જ્યારે કે અમેરિકાની ૪૯, યુકેની ૩૦, જર્મનીની ૧૧ અને ચીન તથા ઓસ્ટ્રેલિયાની આઠ-આઠ યુનિવર્સિટીઓના સમાવેશ ટોપ-૨૦૦માં થાય છે. ભારતમાં શ્રેષ્ઠ યુનિવર્સિટીના અભાવના પગલે યુવાનો વૈશ્વિક સ્તરના અભ્યાસમાં માટે વિદેશની યુનિવર્સિટી પર પસંદગી ઉતારી રહ્યા છે. તેના પગલે ભારતનું જે બેસ્ટ ટેલેન્ટથી તે વિકસીત દેશોમાં જતું રહે છે. તેઓ અભ્યાસ ઉપરાંત સંશોધનોમાં પણ ભાગ લે છે. તેઓ વિદેશોમાં જઈને ત્યાંની બૌદ્ધિક સંપદા અને અર્થતંત્રને મજબૂતી આપે છે. જે ભારત માટે મોટું નુકસાન છે.'

આ સરવેમાં એવા તારણો

પણ રજૂ કરવામાં આવ્યા છે કે,'માત્ર ૧૬% ભારતીય કંપનીઓમાં આંતરિક ટ્રેનિંગ માટેની વ્યવસ્થા હોય છે. જ્યારે કે ચીનમાં ૮૦% કંપનીઓમાં આ વ્યવસ્થા જોવા મળે છે. એટલું જ નહીં ભારતીય યુનિવર્સિટીઝમાંથી સ્નાતક થયા પછી રોજગારની શક્યતા પણ ખૂબ ઓછી છે. વર્ષ ૨૦૧૩ના નેશનલ એમ્પ્લોઈબિલિટી રિપોર્ટ મુજબ સાયન્સ, કોમર્સ કે આર્ટ્સના સ્નાતક થયા બાદ કોઈ પણ ક્ષેત્રમાં માત્ર ૨૫% જેટલી રોજગારની તકો ભારતમાં જોવા મળે છે.' એસોચેમના સેક્રેટરી જનરલ ડી.એસ. રાવતના જણાવ્યા પ્રમાણે,'શાળા સ્તરે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત એક ઈકોસિસ્ટમ વિકસાવવો જોઈએ. જે સેકન્ડરી સ્કૂલ લેવલથી વિદ્યાર્થીઓને વોકેશનલ એજ્યુકેશન પણ આપે.

વર્ષ ૨૦૦૯ના ડેટા પ્રમાણે માત્ર ૫% શાળાઓમાં આ મુજબની વ્યવસ્થા જોવા મળે છે.' ભારતમાં હાલના તબક્કે સૌથી વધુ યુવાનો છે અને તેથી ટેલેન્ડ ક્ષેત્રે 'ગ્લોબલ હબ' બનવાની ક્ષમતા પણ અહીં રહેલી છે. ૨૦૩૦ સુધીમાં આ લક્ષ્યને હાંસલ પણ કરી શકાય છે. હાલ વિશ્વમાં ચાર પૈકી એક સ્નાતક ભારતના હાયર એજ્યુકેશન સિસ્ટમનો હોય છે.